ગાંધીનગર સમાચાર

શહેરના સેક્ટરોમાં ટ્રીમીંગ માટે ઝુંબેશ હાથ ધરાશે

# નબળુ પરિણામ ધરાવતી ૨૦ શાળાના શિક્ષકોની ટેસ્ટ લેવાશે

## ગત વર્ષે પણ શિક્ષકોની કસોટી લેવામાં આવી હતી

ગાંધીનગર તા ૨૬

ધોરણ -૧૦માં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓના શિક્ષકોની ટુંકમાં જ આકસ્મિક ટેસ્ટ લેવાશે. ગત વર્ષે પણ નબળી શાળાના શિક્ષકોની કસોટી લેવામાં આવી હતી. જિલ્લામાં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૨૦ છે. જયારે પરિણામ સુધારવા માટે વિદ્યાર્થીઓ માટે વધારાના વર્ગો પણ શરૂ કરવામાં આવ્યા છે.

બોર્ડની પરિક્ષામાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓના પરિણામમાં સુધારવા માટે શિક્ષણ તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા નબળુ પરિણામ ધરાવતી શાળાઓના આચાર્યોની સાથે બેઠક યોજવામાં આવી હતી. ગત પરિક્ષાના બોર્ડ પરિણામ બાદ જિલ્લામાં ૨૦ જેટલી શાળાઓનુ પરિણામ ૨૦ ટકાથી ઓછુ આવ્યુ હોવાનુ પ્રકાશમાં આવ્યુ હતુ. જયારે નબળી શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધરે તેવા આશયથી શિક્ષણ તંત્ર દ્વારા પરિણામ સુધારણા માટે માસ્ટર પ્લાન બનાવાયો હતો. જે મુજબ શાળાના આચાર્યો સાથે બેઠક યોજી વધારાના વર્ગો શરૂ કરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે.જે મુજબ શાળાઓમાં વધારાના વર્ગોનુ આયોજન તેમજ નબળા વિદ્યાર્થીઓ તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે કે કેમ તે મામલે પણ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા કામગીરીની સમીક્ષા કરવામાં આવી રહી છે. આવી શાળાઓમાં જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આકસ્મિક મુલાકાત લઈને કામગીરીનુ નિરિક્ષણ કરવામાં આવે છે. જિલ્લામાં આવી શાળાઓની સંખ્યા ૨૦ છે. ત્યારે આ શાળાના શિક્ષકોની ટેસ્ટ પણ લેવામાં આવશે. જે અન્વયે વિવિધ વિષય શિક્ષકોના જ્ઞાનની પણ કસોટી કરવામાં આવશે. ગત વર્ષ દરમિયાન પણ નબળી શાળાના શિક્ષકોની ટેસ્ટ લેવામાં આવી હતી. શિક્ષણ તંત્રના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર ટુંકમાં નબળી શાળાના શિક્ષકોની કસોટી માટે આયોજન કરવામાં આવશે.

# શહેરમાં ઠંડીનો ચમકારો

## એક જ દિવસમાં પારો બે ડિગ્રી ઘટતા શહેરમાં ઠંડી વધી : નવેમ્બર માસના અંતિમ દિવસોમાં ઠંડીનો ચમકારો : વધતી ઠંડીની જનજીવન પર વ્યાપક અસરો

ગાંધીનગર, તા. ૨૬

છેલ્લા કેટલાય દિવસોથી લઘુત્તમ તાપમાન ૧૨-૧૩ ડિગ્રીની આસપાસ ફરી રહ્યુ હતુ જે ગઈકાલે રાત્રે અચાનક જ બે ડિગ્રી જેટલુ ઘટીને ૧૧.૮ ડિ.સે. સુધી પહોંચી ગયુ છે. અચાનક જ ઠંડીનો ચમકારો થતાં જનજીવન પર તેની ઘેરી અસરો જોવા મળી રહી છે.

ડિસેમ્બર માસ હજુ શરૂ થયો નથી ત્યાં જ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે નવરાત્રી બાદથી જ વાતાવરણમાં ઠંડક અનુભવાતી હતી. દિવાળી પછી તો ઘરની બહાર નીકળતા જ ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. પંખાની સ્પીડ તો સાવ ઓછી થઈ ગઈ છે. કેટલાક ઘરોમાં તો સાંજ પડતાં જ પંખા બંધ થઈ જાય છે. દિવસે જ ક્યારેક ધીમી ગતિએ પંખો ચલાવવો પડે તેવુ વાતાવરણ રહે છે. છેલ્લા એક મહિનાથી આ જ સ્થિતિ જોવા મળી રહી છે. ગાંધીનગરમાં લીલા વૃક્ષોની સંખ્યા વધુ હોવાથી એમ પણ ઠંડકનો અનુભવ વધુ થાય છે. ત્યાં ગઈકાલે એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રીની ગીરાવટ આવતા વસાહતીઓએ ઠંડીનો સારો એવો ચમકારો અનુભવ્યો હતો. સાંજ પડતાં જ આકરી ઠંડી પડવાની શરૂ થઈ ગઈ હતી. વસાહતીઓએ ઘરના બારી-બારણા બંધ કરી દીધા હતા. માર્ગો પર વાહન વ્યવહાર ઓછો થઈ ગયો હતો.

● અનુસંધાન પાન-૭ પર





શિયાળાના સલાડ - શિયાળાનો આરંભ થતાં જ બજારોમાં વિવિધ પ્રકારના લીલા શાકભાજી ઉપરાંત સલાડ માટે ગાજર, મૂળાની સાથે લીલી અને આંબા હળદર પણ ગુજરાતીઓની ભોજનની થાળીમાં જોવા મળતા હોય છે... આદુ-હળદરને ઔષધિય રીતે પણ ભોજનમાં અપનાવાયેલ છે...

# શહેરના સેકટરોમાં ટ્રીમીંગ માટે ઝુંબેશ હાથ ધરાશે

## સુકા વૃક્ષો પણ દુર કરાશે : વાઈબ્રન્ટને અનુલક્ષી વનતંત્ર હરકતમાં આવ્યુ : ફેન્સીંગના નવિનીકરણ સાથે ટ્રીમીંગ કરાશે

ગાંધીનગર તા ૨૬

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ને અનુલક્ષીને તંત્ર તૈયારીમાં લાગી ગયુ છે. શહેરમાં રસ્તાના વિવિધ કામો ઉપરાંત બ્યુટીફિકેશનની કાર્યયોજના પણ હાથ ધરવામાં આવી છે. ત્યારે વનતંત્ર દ્વારા શહેરમાં વનઆરક્ષિત જગ્યામાં ફેન્સીંગનુ નવિનીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે હવે મુખ્ય માર્ગો આસપાસ તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં જરૂરી ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવશે.

વાઈબ્રન્ટ મહોત્સવને અનુલક્ષી વિવિધ વિભાગોને કામગીરી સોંપવામાં આવી છે. જેમાં માર્ગ સુધારણા તેમજ બ્યુટીફિકેશનની કામગીરી મુખ્ય છે. શહેરના મુખ્ય માર્ગો પર કેટ આઇ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવાનુ કામ પણ ટુંકમાં જ શરૂ કરી દેવાશે. જયારે વન તંત્ર દ્વારા પણ ટ્રીમીંગ તેમજ ફેન્સીંગના કામો શરૂ કરી

● અનુસંધાન પાન-૭ પર

# મહાત્મા મંદિરથી દાંડી કુટીરને જોડતા કેબલ સ્ટેડ બ્રિજનુ કામ પૂર્ણ

## આગામી વાઇબ્રન્ટ સમિટ દરમિયાન બ્રિજ પર ગોલ્ફ કાર દોડતી જોવા મળશે

ગાંધીનગર તા ૨૬

નગરની આગવી ઓળખ સમા મહાત્મા મંદિરના પ્રોજેકટને અનુલક્ષી દાંડીકુટીર થી મહાત્મા મંદીરને જોડતો કેબલ સ્ટેડ બ્રિજ તૈયાર કરી દેવાયો છે. જો કે આ બ્રિજનુ લોકાર્પણ હજુ સુધી કરાયુ નથી. પરંતુ આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વી આઇ પી મહાનુભાવો ગોલ્ફ કારના આધારે આ બ્રિજનો ઉપયોગ કરશે. દાંડી કુટરીથી મહાત્મા મંદિરને જોડતા આ બ્રિજના નિર્માણ માટે રૂ ૩૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે આ બ્રિજ તૈયાર કરવા માટે ચાઈનાથી આવેલી નિષ્ણાંતોની ટીમે કામ કર્યુ છે.

શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક નગરની આગવી

● અનુસંધાન પાન-૭ પર

તાત્કાલિક જોઈએ છે
એરટેલ કંપનીના શૉ-રૂમ માટે નીચે જણાવેલ અનુભવી અને ગ્રેજ્યુએશન ધરાવતા સ્ટાફની જરૂર છે.
● કસ્ટમર રીલેશનશીપ ઓફીસર
● કેશીયર્સ
વૉક-ઈન-ઈન્ટરવ્યુ માટે નીચે જણાવેલ સરનામે સંપર્ક કરો.
શોપ નં. 2&3, સુમન કોમ્પલેક્ષ, હૉટલ હવેલીની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર. મો. ૯૮૯૮૨ ૪૯૪૩૦



દેશભરમાં નોટબંધીને લઈ કોંગ્રેસ ઠેર ઠેર વિરોધ પ્રદર્શન કરી રહી છે જેના ભાગરૂપે ગાંધીનગર કોંગ્રેસ સમિતિના કાર્યકરો દ્વારા આજે બાઈકરેલી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. આ કોંગ્રેસની રેલી સેક્ટર-૨૨માંથી નીકળી નગરના વિવિધ માર્ગો પર ફરી હતી અને કેન્દ્ર સરકારના નોટબંધીનો વિરોધ કર્યો હતો.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરના પાદરે જૂજ ઓફીસ બાકી
Shree Sharda Residency
Absorb...A Redefined Lifestyle
Developers SHREE MADHAVKISHAN
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com